# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૩૨ અંક : ૨૨૩ તા ૨૨-૦૫-૨૦૨૬ પાનાં ૪ માલિક : ચાણક્ય મીડિયા હાઉસ પ્રા. લિ. તંત્રી : પરેશ ગંજવાલા, સહ તંત્રી : રાધિકા ગંજવાલા


# રૂપિયો ૧૦૦નું લેવલ પણ કૂદાવી દે તે સંભાવના નકારી ન શકાય

## રિઝર્વ બેંકની હવે પછીની મિટિંગ ૫મી જૂને મળવાની છે



નાના હતા ત્યારે આપણે 'હસ્તી બીબી, રડતી બીબી'નો ફોટો જોતા હતા અને અત્યારે ભારતીય શેરબજારની હાલત પણ કંઈક એવી જ છે. એક દિવસ નિફ્ટીમાં ૫૦૦થી ૮૦૦ પોઈન્ટનો ઉછાળો આવે અને આપણે ખુશ થઈએ અને બીજા દિવસે બજાર ૧૦૦૦થી ૧૫૦૦ પોઈન્ટ તૂટી ગયું હોય. અમેરિકન પ્રમુખ દ્વારા રોજેરોજ અલગ અલગ પ્રકારના સ્ટેટમેન્ટ આવે છે અનેતે સ્ટેટમેન્ટની ગંભીરતા સમજ્યા વગર ભારતનું જ નહિ પરંતુ વિશ્વભરના શેરબજારો પોતાનો પ્રતિભાવ આપી દે છે. સોમવારે અમેરિકન પ્રમુખે ઈરાન ઉપર જોરદાર હુમલો કરવામાં આવશે અને તેને ખતમ કરી દેવાશે તેવું સ્ટેટમેન્ટ અપાયું અને તે પછી બજાર બે દિવસ તૂટ્યા અને તે પછી અમેરિકન પ્રમુખ કહે છે કે ઈરાન સાથેની સમજૂતી આખરી તબક્કામાં છે અને તેના પ્રતિભાવ રૂપે એશિયાઈ બજારો અને ભારતીય બજારો ગુરુવાર સવારથી જ તેજીમય ટ્રેન્ડ દર્શાવી રહ્યા હતા અને આ જ પ્રકારનો માહોલ અત્યારે સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. જાણ કે જે-તે કંપનીઓના ફન્ડામેન્ટલ, તેની મજબૂત કમાણી, જોરદાર બેલેન્સશિટ વગેરે તમામ પાસાઓ આપણે સૌ ભૂલી ગયા છે અને એક વ્યક્તિ અમેરિકામાંથી સ્ટેટમેન્ટ આપે અને વિશ્વભરના રોકાણકારો તેનો પ્રતિભાવ આપી દે છે. પરંતુ હવે આ પરિસ્થિતિ લાંબો સમય નહિ ચાલે, કારણ કે આ એક અપવાદરૂપ પરિસ્થિતિ છે અને ગણતરીના દિવસોમાં જ વિશ્વભરના રોકાણકારો અને એનાલિસ્ટો આવા સ્ટેટમેન્ટને અવગણવાનું શરૂ કરી દેશે.




સામે પક્ષે રિઝર્વ બેંકની હવે પછીની મિટિંગ ૫મી જૂને મળવાની છે. અત્યારે ભારતમાં હોલસેલ ફુગાવો ૭ ટકા પ્લસના લેવલ ઉપર પહોંચી ગયો છે અને રિટેઈલ ફુગાવો પેટ્રોલ અને ડિઝલના ભાવ અંકુશ હેઠળ હોવાને કારણે વધ્યા નથી. અને તેથી રીટેઈલ ફુગાવો પણ થોડો જ વધ્યો છે પરંતુ પેટ્રોલ અને ડિઝલના ભાવ વધે એટલે તરત જ રીટેઈલ ફુગોવ પણ ૭ ટકાની ઉપર પહોંચી જશે.

સામે પક્ષે વ્યાજદર લગભગ પાંચ ટકાના લેવલે ચાલે છે અને આ પરિસ્થિતિમાં હવે જો રિઝર્વ બેંકના ગવર્નર જ્ઞાની હોય અને રાજકીય હસ્તક્ષેપથી અલિપ્ત રહીને નિર્ણય લેવાના હોય તો આગામી દિવસોમાં વ્યાજદરમાં ૭૫ બેઝિક પોઈન્ટનો ઉછાળો આવી જાય તે સંભાવના ખૂબ મજબૂત છે. કારણ કે રિઝર્વ બેંકના ગવર્નરે વાસ્તવિક ફુગાવા અને વ્યાજદરને સમતોલ લેવલ ઉપર લાવવા પડે અને તો જ રૂપિયામાં અત્યારે જે ઘસારો જોવાય છે તે ઘટી શકે.

પરંતુ રિઝર્વ બેંકના ગવર્નર ફિનાન્સ મિનિસ્ટ્રીમાંથી આવેલા છે અને તેથી દરેક આઈએસ ઓફિસરની જેમ તેઓ પણ કોઈ હિંમતભર્યું પગલું ન લે અને કેવળ પ્રધાનો ખુશ રહે તે પ્રકારના જ નિર્ણય લેશે તે સંભાવના વધારે છે અને તેવા સંજોગોમાં આ વખતે વ્યાજદર કદાચ ન વધે અને હવે પછીની મિટિંગમાં ૨૫ કે ૫૦ બેઝિક પોઈન્ટનો વધારો આવે તે સંભાવના મજબૂત છે.

અત્યારના તબક્કે જો ભારતીય રૂપિયાને ઘસાતો અટકાવવો હોય તો ઈક્વીટી તરફનું આકર્ષણ વધે તેવી કોઈ સંભાવના નથી. અને સામે પક્ષે મધ્યપૂર્વના દેશોમાંથી એનઆરઆઈનો પગારનો જે જંગી પ્રવાહ આવતો હતો તે પણ અત્યારે ધીમો પડી ગયો છે. યૂરોપિયન માર્કેટ ઠંડું હોવાથી નિકાસો પણ ઠંડી છે અને તેથી જો રૂપિયાને મજબૂત કરવો હોય તો રિઝર્વ બેંકે ખૂબ જ મોટા પાયે ગવર્મેન્ટ સિક્યોરિટી અને બોન્ડ માર્કેટમાં ભંડોળ લાવવું પડે.

ચાણક્ય દ્વારા વિવિધ નિષ્ણાતો સાથે ચર્ચા કરવામાં આવી અને તેમના મંતવ્ય મુજબ જો રિઝર્વ બેંક વ્યાજદરને ધીરે ધીરે કરીને ૭ ટકા સુધી લાવે દે તો વિશ્વભરના બોન્ડમાર્કેટમાંથી લગભગ ૨૫થી ૩૦ બિલિયન ડોલરનું તોતિંગ ભંડોળ ભારતમાં આવી શકે અને તે ભંડોળ ચોક્કસપણે રૂપિયાને અતિશય મજબૂત કરી નાખે, પરંતુ આવું ભંડોળ આકર્ષવા માટ ે રિઝર્વ બેંકના ગવર્નર હિંમતભર્યું પગલું લે છે કે કેમ તે પ્રશ્ન છે અને તે વચ્ચે અત્યારે ભારતીય રૂપિયો વધારે ઘસારા સાથે ૯૭ થઈને ૯૬.૩૮ ઉપર ચાલે છે. અને આગામી દિવસોમાં તેમાં ઘસારો આગળ વધશે તે સંભાવના અતિશય મજબૂત છે.

ચાણક્યમાં રૂપિયો છેક ૮૨ના લેવલ ઉપર હતો ત્યારથી જ કરન્સી એનાલિસીસમાં સતત ઘસારો જોવાશે તે સંભાવના દર્શાવી છે અને તે વખતે મોદી સાહેબના ભક્તોને મોદી સાહેબના રાજમાં આવું કશું ન થઈ શકે તેવી આશા હતી પરંતુ રૂપિયો અર્થતંત્રની સ્થિતિ પ્રમાણે વર્તે છે અને અર્થતંત્રની સ્થિતિ અતિશય નાજૂક હોવાથી આગામી દિવસોમાં રૂપિયો ૧૦૦નું લેવલ પણ કૂદાવી દે તે સંભાવના નકારી ન શકાય.

કડવી પરિસ્થિતિ એવી છે કે સરકારમાં અત્યારે અર્થતંત્રને ઊંડાણપૂર્વક સમજી શકે અને તેને બચાવવા માટેના હિંમતભર્યા પગલાનું સૂચન વડાપ્રધાનને કરી શકે તેવી વ્યક્તિનો અભાવ છે. અર્થતંત્રમાં શ્રીરાજન છેલ્લી વ્યક્તિ હતા કે જે આ રીતે કુનેહ ધરાવતા હતા પરંતુ તે પછીના તમામ રિઝર્વ બેંકના ગવર્નર અને ફિનાન્સ ખાતાના વડાઓ એક આઈએસ અધિકારીઓ જ છે અને અર્થતંત્રની કાબેલિયતનો સદંતર અભાવ દેખાય છે. પરંતુ અત્યારે કાબેલિયતના આ અભાવનો સંપૂર્ણ દોષ અખાતી યુદ્ધ ઉપર ઢોળી દેવાયો છે. કોઈ એટલું પણ પૂછવાની હિંમત ન કરી શકે કે ભારતની સરખામણીમાં અન્ય પડોશી દેશોની કરન્સી કેમ આટલી ઘસાઈ નથી કે પછી પડોશી દેશોમાં જ શા માટે પેટ્રોલ અને ડિઝલ કિફાયતી ભાવે મળે છે.

આશા રાખીએ કે રિઝર્વ બેંક આગામી મિટિંગમાં થોડોક હિંમતભર્યો અભિગમ અપનાવે.

ક્રૂડતેલ ૧૦૫-૧૦૮ ડોલર વચ્ચે ચાલી રહ્યું હોવાથી અને ભારતમાં પેટ્રોલ અને ડિઝલ ઉપરનો કરવેરાનો બોજો તોતિંગ હોવાને કારણે સ્વાભાવિક છે કે સિમેન્ટ સેક્ટરના કાચામાલ અને ટ્રાન્સપોર્ટેશન ખર્ચમાં તોતિંગ ઉછાળો જોવાયો હોય. અત્યારે તો સરકારના વિવિધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટો, મેટ્રો રેલ, બુલેટ ટ્રેનનો પ્રોજેક્ટ ઈનલેન્ડ વોટરવેઝ વગેરે પ્રોજેક્ટો ઝડપથી આગળ વધી રહ્યા છે. સામે પક્ષે પ્રાઈવેટ સેક્ટરનું ઈન્વેસ્ટમેન્ટ ઘણું ઠંડું છે અને આ બધા પાસાઓને કારણે સિમેન્ટ સેક્ટરની નફાશક્તિ એપ્રિલથી જૂન ક્વાર્ટર દરમ્યાન દબાય તે સંભાવના મજબૂત છે. અને કદાચ આ પરિબળને કારણે જ અદાણી ગ્રૂપની અંબુજા સિમેન્ટે તેની વિસ્તરણ યોજનાઓ ઉપર બ્રેક મારી દીધી છે અને હવે નવા મૂડીરોકાણમાં આગળ વધવાને બદલે અંબુજા સિમેન્ટે પોતાની અત્યારની ઉત્પાદન ક્ષમતાનો વધારે અસરકારક ઉપયોગ કરવાનું નક્કી કર્યું છે.

અંબુજાની આ સ્ટ્રેટેજી પછી અન્ય ટોચની સિમેન્ટ કંપનીઓએ પણ પોતાની ઉત્પાદન ક્ષમતાના લક્ષ્યાંકો વધારવાના પાછા ઠેલ્યા છે. અને સ્વાભાવિક છે કે આ પગલાને કારણે તાત્કાલિક ઉત્પાદન ક્ષમતા વધી જાય અને ઓવર સપ્લાયની મુશ્કેલી ઊભી થાય તે ભય હાલ પૂરતો ટળી ગયો છે.

વિસ્તરણ પ્રોજેક્ટો પાછા ઠેલાયા હોવાને કારણે કંપનીઓના વ્યાજખર્ચ અને ઘસારાની જોગવાઈમાં પણ ઉછાળો મર્યાદિત રહેશે અને તેટલા પ્રમાણમાં નફાશક્તિ ઉપર જે ડબલ બોજો આવવાનો ભય હતો તેમાંથી ઘસારા અને વ્યાજખર્ચનો બોજો વધવાની સંભાવના ઘટી છે. તેમ છતાં સને ૨૦૨૭થી ૨૦૨૮ દરમ્યાન સિમેન્ટ ઉદ્યોગમાં લગભગ ૧૨.૨૦ કરોડ ટનદીઠ ક્ષમતા વધશે તે સંભાવના મજબૂત છે. સને ૨૦૨૬ દરમ્યાન જ લગભગ ૫.૮૦ કરોડ ટનની ક્ષમતા ઉમેરાઈ ગઈ છે અને બાકીની ક્ષમતા હવેના લગભગ ૧૮ મહિનામાં ઉમેરાશે.

સામે પક્ષે ચોમાસું કેવું આવે છે તેની પણ આતૂરતાપૂર્વક રાહ જોવાય છે અને જો ચોમાસું અપેક્ષા મુજબ શ્રીકાર થાય તો સિમેન્ટ ઉદ્યોગમાં માંગ ખૂબ જ ઝડપથી વધવાની ગણતરી છે પરંતુ જો અમૂક વિસ્તારમાં ચોમાસું ખૂબ જ ઓછો વરસાદ આપે તો ગ્રામ્ય ભારતની સિમેન્ટની માંગને અસર પડવાની સંભાવના ખૂબ મોટી છે.

અંબુજા સિમેન્ટ ઉપરાંત બિરલા કોર્પોરેશને પણ પોતાના ૩૦ લાખ ટન ક્ષમતાના વિસ્તરણનો પ્રોજેક્ટ પાછો ઠેલ્યો છે. સામે પક્ષે કાચોમાલ ખર્ચ વધ્યો હોવાને કારણે સિમેન્ટની કિંમતોમાં ઉછાળો ચાલુ રહ્યો છે. અને તેથી હવે માર્ચ ક્વાર્ટર પછી જૂન ક્વાર્ટરના પરિણામો ઉપર કેટલું દબાણ આવે છે તે જોવું રસપ્રદ રહેશે.

સિમેન્ટ કંપનીઓમાં **અલ્ટ્રાટેક સિમેન્ટ**નો શેર ઘટીને રૂા. ૧૧૪૪૫ ઉપર આવી ગયો છે અને ૪૦.૭૮નો પીઈરેશિયો દર્શાવે છે. શોર્ટટર્મમાં આ શેરમાં નાની રેન્જમાં જ ભાવ પડી રહે અથવા તો તૂટી જાય તે સંભાવના વધારે છે.

તે જ પ્રકારે **અંબુજા સિમેન્ટ**નો શેર પણ છેલ્લા થોડા દિવસો ઘટીને રૂા. ૪૩૩ ઉપર આવ્યો છે અને હવે આ શેર કેવળ ૨૧.૬૩ના પીઈરેશિયો ઉપર છે. અંબુજા સિમેન્ટમાં પણ કોન્સોલિડેશન અથવા તો ભાવમાં કરેકશનની સંભાવના વધારે છે.

**શ્રી સિમેન્ટ** પણ ઘટીને રૂા. ૨૪૫૯૦ ઉપર આવ્યો છે. આ શેર એક વર્ષ અગાઉ જુલાઈ, ૨૦૨૫માં ૩૨૨૯૩ ઉપર ચાલતો હતો અને તે પછી તે સતત ઘસાતો ગયો છે અને તાજેતરમાં ફેબ્રુઆરી, ૨૦૨૬માં પણ રૂા. ૨૬૮૦૦ ઉપર હતો અને તેમાં પણ અત્યારે રૂા. ૨૦૦૦નું ગાબડું પડી ગયું છે અને આગામી દિવસોમાં શેરમાં હજી નબળાઈ ચાલુ રહેશે તે સંભાવના વધારે છે.

**દાલમિયા ભારત**ના શેરે સપ્ટેમ્બર, ૨૦૨૫થી સતત ઘસારો જ દર્શાવ્યો છે. સપ્ટેમ્બર, ૨૦૨૫માં આ શેર રૂા. ૨૪૭૬ ઉપર હતો અને અત્યારે રૂા. ૧૭૩૨ ઉપર આવી ગયો છે. ૨૮નો પીઈરેશિયો છે અને હજી પણ લગભગ દસેક દિવસ આ શેર વધારે ઘટીને રૂા. ૧૬૨૦ સુધી ઉતરી જાય તે સંભાવના નકારી ન શકાય.

**એસીસી**માં પણ અત્યારે ભારોભાર નબળાઈનો તબક્કો છે. અદાણી ગ્રૂપની કંપની હોવા છતાં એસીસીનો શેર ફક્ત ૧૨.૧૧ના પીઈરેશિયો ઉપર આવી ગયો છે. રૂા.


## ગામની ગપસપ

- **ઇન્ડેક્ષ**, વૈશ્વિક અનિશ્ચિતતા અને ભારતીય શેરબજારમાંથી એફઆઈઆઈની સતત વેચવાલી અને રૂપિયાના મૂલ્યમાં સતત ધોવાણ થવાને કારણે અર્થતંત્રની પરિસ્થિતિ નાજૂક અને તે પાછળ નિફ્ટીના હેવીવેઈટ શેરોમાં સતત વેચવાલીનો માહોલ. ગણ્યાગાંઠ્યા પસંદગીના શેરોમાં જ અત્યારે કામ કરવામાં પૈસા મળે તેવી હાલત.
- **તાતા સ્ટીલ**, છેલ્લા ઘણા સમયથી ભેગા કરાવીએ છીએ અને અત્યારે રૂા. ૧૯૫ના ભાવે આકર્ષક, ગુરુવારે એક તબક્કે રૂા. ૨૦૩નું ટોપ પણ બતાવેલું અને આ શેરમાં રોકાણ જાળવી રખાય. અત્યારના ભાવે થોડાક શેરો ભેગા કરવા ખોટા નહિ. ધીમા સુધારા સાથે ઉપરમાં રૂા. ૨૧૫ અને તે પછી ધીરે ધીરે રૂા. ૨૨૬નો ભાવ જોવા મળવાની ગણતરી.
- **કોલ ઇન્ડિયા**, એક તરફ આંતરરાષ્ટ્રીય બજારમાં કોલસાના ભાવમાં સુધારો, અને સાથે સાથે કોલ ઈન્ડિયા તેની પેટા કંપનીઓના આઈપીઓ લાવીને જંગી વેલ્યૂઅનલોકિંગ હાંસલ કરી રહી છે. શેર અત્યારે રૂા. ૪૫૬ ઉપર અને આગામી દિવસોમાં ઊંચું ડિવિડન્ડ આપતી આ કંપનીમાં ધીમા સુધારે રૂા. ૪૭૨ અને તે પછી રૂા. ૪૯૨ના ભાવની સંભાવના મજબૂત છે.
- **હિન્ડાલ્કો**, એલ્યુમિનિયમ અને કોપર બંને ધાતુઓમાં અત્યારે જોરદાર તેજી અને ચાંદી પછી હવે ખેલાડીઓનું ફોકસ કોપર ઉપર, હિન્દુસ્તાન કોપરને તો ઊંચકી દીધો અને તેથી હવે રૂા. ૯૬૮વાળા હિન્ડાલ્કો ઉપર ખેલાડીઓનું ફોકસ, વેલ્યૂએડેડ પ્રોડક્ટોને કારણે નફાશક્તિ ખૂબ જ સુંદર છે અને આગામી દિવસોમાં આ શેરમાં મજબૂત અપટ્રેન્ડ સાથે રૂા. ૧૦૨૪ અને તે પછી રૂા. ૧૦૪૨નો ભાવ જોવા મળવાની ગણતરી.
- **એક્સિસ બેંક**, પ્રાઈવેટ સેક્ટર બેંકોમાં અત્યારે શોર્ટટર્મ ખેલાડીઓનું ફોકસ એક્સિસ બેંક ઉપર, ધીરે ધીરે વધીને રૂા. ૧૩૬૧ ઉપર આવ્યો છે અને આગામી દિવસોમાં આ શેરમાં સુંદર રીરેટિંગ સાથે રૂા. ૧૩૮૫ અને તે પછી ધીરે ધીરે રૂા. ૧૪૦૬નો ભાવ જોવા મળવાની સંભાવના મજબૂત છે.
- **સ્ટેટ બેંક**, પીએસયુ શેરોમાં અત્યારના તબક્કે આ શેર ઉપર ફોકસ વધારવાનું ઘણા સમયથી કહીએ છીએ. અત્યારના રૂા. ૧૦૬૨ના ભાવે શેર ખૂબ જ આકર્ષક, પરિણામો પણ જોરદાર આવવાની તૈયારી, ધીમા સુધારા સાથે રૂા. ૧૦૭૪ અને તે પછી રૂા. ૧૦૮૪નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત.
- **અલ્ટ્રાટેક સિમેન્ટ**, ડિસેમ્બર મહિનાથી સિમેન્ટ વેચાણ વોલ્યૂમોમાં સુંદર સુધારો અને તેનો મોટો લાભ દેશભરમાં પ્લાન્ટ ધરાવતી અલ્ટ્રાટેક સિમેન્ટને મળ્યો છે. ક્રૂડના ભાવ પણ નીચા હોવાનો ફાયદો મળે, અત્યારના રૂા. ૧૨૬૦૦ના ભાવે થોડાક શેરો લઈને મૂકી શકાય અને ધીમા સુધારા સાથે અલ્ટ્રાટેક સિમેન્ટના શેરમાં રૂા. ૧૨૭૦૦ અને તે પછી ધીરે ધીરે રૂા. ૧૨૮૦૦નો ભાવ જોવા મળવાની સંભાવના મજબૂત છે.
- **ટેક મહિન્દ્રા**, આઈટી શેરોમાં અત્યારે ટેક મહિન્દ્રાના શેર ઉપર ખેલાડીઓનું ફોકસ, રૂા. ૧૭૪૫માં ખોટો નથી. છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન આવકોમાં ૭.૫૨ ટકાનો સુધારો, અત્યારના ભાવે શેર નાના લોટમાં ભેગા કરી શકાય અને ઉપરમાં રીરેટિંગ સાથે રૂા. ૧૭૮૪ અને તે પછી રૂા. ૧૮૦૦ના ભાવની સંભાવના મજબૂત છે.
- **જીઓ ફિનાન્સ**, શેર છેલ્લા થોડા દિવસોથી કરેકશન અને ઘટાડાના તબક્કામાં. અત્યારે રૂા. ૨૫૩ ઉપર તો આવી ગયો. અને હજી નાના ઘટાડા સાથે આ શેરમાં રૂા. ૨૫૦ આસપાસ ટ્રેન્ડ બદલાવાની ગણતરી અને તેથી રૂા. ૨૫૦ આસપાસના ભાવે એન્ટ્રી લઈ લેવાનો ચાન્સ ન છોડતા.
- **આઈટીસી**, ગયા અંક વખતે પણ ભાર પૂર્વક ભેગા કરવાનું કહ્યું હતું. ૧લી ફેબ્રુઆરીથી સિગારેટ ઉપર અલગ અલગ પ્રકારે ડ્યૂટી વધવાની અને તે પાછળ ગભરાટમાં રૂા. ૩૧૮ સુધી આવી ગયો. ઈન્ટરીમ ડિવિડન્ડ પણ જાહેર કર્યું છે. આ ભાવે થોડાક શેરો લઈને મૂકી દેજો. સુંદર બાઉન્સ બેક સાથે ૪૦ ટકા રિટર્નની થોડા મહિનામાં સંભાવના.
- **એશિયન પેઈન્ટ્સ**, બિરલા ઓપસની હરિફાઈની વાત પાછળ છેલ્લા ઘણા મહિનાથી નબળાઈ દર્શાવે છે. રૂા. ૨૪૩૨ના ભાવે શેર આકર્ષક, અને ઉપરમાં ૪૦ ટકા રિટર્નની જગ્યા. મધ્યમગાળાના ઈન્વેસ્ટમેન્ટની રીતે પકડી શકાય.

## Important Weblinks for Today

https://chanakyanipothi.com/
https://chanakyanipothi.com/ipo-gmp/
https://chanakyanipothi.com/intraday-trading/
https://chanakyanipothi.com/grey-market-premium/
https://chanakyanipothi.com/ipo-subscription-status/
https://chanakyanipothi.com/ipo-allotment-status-how-to-check/
https://chanakyanipothi.com/category/ipo-listing-estimates/
https://chanakyanipothi.com/upcoming-ipos-2025/
https://sahifund.com/
https://sahifund.com/sip/
1) https://sahifund.com/whiteoak-capital-large-cap-fund/
2) https://sahifund.com/latest-new-fund-offers/
3) https://sahifund.com/dsp-multi-asset-allocation-fund/
4) https://sahifund.com/icici-prudential-flexicap-fund/
5) Sahifund bottom
https://chanakyanipothi.com/best-stock-to-buy-today/
https://chanakyanipothi.com/news-crux/
https://chanakyanipothi.com/fii-data-today/
https://sahifund.com/fii-dii-buy-sell-activity/
https://chanakyanipothi.com/chanakya-niti/
https://chanakyanipothi.com/fujiyama-power-systems-ipo/
https://chanakyanipothi.com/tenneco-clean-air-ipo-date-price-gmp-review-details/
https://chanakyanipothi.com/physicswallah-ipo-date-review-price-allotment-details/
https://chanakyanipothi.com/emmvee-photovoltaic-ipo-date-review-price-allotment-details/
https://chanakyanipothi.com/pine-labs-ipo-date-review-price-allotment-details/
https://chanakyanipothi.com/sme-ipo-watch/workmates-core2cloud-ipo/
https://chanakyanipothi.com/sme-ipo-watch/mahamaya-lifesciences-ipo/
https://chanakyanipothi.com/sme-ipo-watch/shining-tools-ipo/
https://sahifund.com/canara-robeco-consumer-trends-fund/
https://chanakyanipothi.com/sme-ipo-watch/curis-lifesciences-ipo/
https://sahifund.com/groww-nifty-midcap-150-etf-growth/
https://sahifund.com/360-one-focused-fund/
https://sahifund.com/aditya-birla-sun-life-nifty-bank-etf/
https://chanakyanipothi.com/stock-market-today-by-vaishali-parekh/
https://chanakyanipothi.com/technical-analysis-of-the-market-by-nagaraj-shetti/
https://chanakyanipothi.com/reliance-share-price-target-strategy-today/
https://chanakyanipothi.com/winning-strategy-for-gold-trading-tomorrow/
https://chanakyanipothi.com/rupee-dollar-exchange-rate-guidance/
https://chanakyanipothi.com/chanakya-community/


## ડ્રાઈવર ?



ડ્રાઈવર, રસોયા, નોકર શોધવા હવે ખૂબ જ સરળ
**staffavailable.com**
ના એકદમ અલગ પ્રકારના અને દેશમાં એકમાત્ર આવી સવલત ઓફર કરતાં પ્લેટફોર્મ ઉપર તમારી જરૂરિયાત મૂકી દો
**તદ્દન ફ્રી**
**staffavailable.com**

https://staffavailable.com/

# VISHAL FABRICS LIMITED

**CIN: L17110GJ1985PLC008206**
**Regd. Office: Shanti Corporate House, Near Hira Rupa Hall, Bopal-Ambli Road, Bopal, Ahmedabad-380058, Gujarat**
**Contact No.: +02717 466959, E-mail: cs.vfl@vishalfabrics.co.in, Website: www.vishalfabricsltd.com**

**Extract of statement of Audited Consolidated Financial Results for the Quarter and Year Ended March 31, 2026** (Rs. in Lacs)

| SR. NO. | PARTICULARS | Quarter Ended 31.03.2026 | Quarter Ended 31.12.2025 | Quarter Ended 31.03.2025 | Year Ended 31.03.2026 | Year Ended 31.03.2025 |
|---|---|---|---|---|---|---|
| | | (Audited) | (Unaudited) | (Audited) | (Audited) | (Audited) |
| 1 | Total Income from operations | 34,860.12 | 42,415.63 | 39,145.83 | 160,325.53 | 152,143.42 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 995.50 | 1,077.54 | 1,041.75 | 4,315.50 | 4,490.27 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 995.50 | 1,077.54 | 1,041.75 | 4,315.50 | 4,490.27 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 750.82 | 777.81 | 488.18 | 3217.76 | 2,383.75 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 2,596.96 | 794.17 | 695.05 | 5,274.21 | 2901.26 |
| 6 | Equity Share Capital | 12,380.50 | 12,380.50 | 9,880.50 | 12,380.50 | 9,880.50 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | | - | — | | |
| | Earnings Per Share (of Rs.5/- each) (for continuing and discontinued operations) | | | | 52,288.36 | 38,039.16 |
| 8 | (a) Basic (Rs) | 0.38 | 0.34 | 0.37 | 1.52 | 1.47 |
| | (b) Diluted (Rs) | 0.38 | 0.34 | 0.33 | 1.52 | 1.29 |

**Extract of Audited Standalone Financial Result for the Quarter and Year ended on 31st March, 2026**

| SR. NO. | PARTICULARS | Quarter Ended 31.03.2026 | Quarter Ended 31.12.2025 | Year Ended 31.03.2026 |
|---|---|---|---|---|
| | | (Audited) | (Unaudited) | (Audited) |
| 1 | Total Income from Operations (net) | 34,860.12 | 42,415.63 | 160,325.53 |
| 2 | Net Profit for the period (before tax, exceptional and / or extraordinary items) | 995.50 | 1,077.54 | 4,315.50 |
| 3 | Net Profit for the period after tax (after exceptional and / or extraordinary items) | 995.50 | 1,077.54 | 4,315.50 |
| 4 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 2454.34 | 779.22 | 4,927.66 |
| 5 | Earnings per share (for continuing and discontinued operations) | | | |
| | Basic | 0.32 | 0.33 | 1.37 |
| | Diluted | 0.32 | 0.33 | 1.37 |

**Notes:**

1.1. The figures of the corresponding previous quarter or year have been regrouped or reclassified where ever necessary to make them comparable.
2. Results are prepared in compliance with Indian Accounting Standards, ("Ind-AS") notified by the Ministry of Corporate Affairs.
3. The above Financial Results were reviewed by the Audit Committee and approved by the Board of Directors at their respective meetings held on 20th May,2026.
4. The Company has only one segment of activity namely Textile.
5. The parent company has acquired more than 20% equity shares in three companies namely Chiripal Textile Mills Private Limited, Nandan Industries Private Limited and Quality Exim Private Limited. Hence as per Ind AS 110 " Consolidated Financial Statements" read with Ind As 28 "Investments in Associates and Joint Ventures" proportionate profit after tax of the said companies are consolidated with effect from 01-04-2024.
6. Share warrant :-
a) The company had issued 5,00,00,000 complusorily convertible equity warrants having face value of Rs 5.00/- Each (warrant) by way of preferential issue for issue price of Rs. 30.60 per warrant including premium of Rs 25.60/- per warrant upon receipt of amount aggregating to Rs. 38.25 crore at the rate of Rs 7.65/- per warrant.( being 25% of issue price of Rs 30.60/-)
b) The above warrants entitle the allottee to apply for and be allotted equal number of equity shares for each warrant held by them on payment of balance 75% of the issue price within 18 months from the date of issue of these warrants.
c) The Company allotted equity shares against conversion of 5,00,00,000 equity warrants upon realization of the balance 75% subscription amount from the warrant holders.
7. Pursuant to the notification issued by the Ministry of Labour and Employment, The Government of India has consolidated 29 existing labour legislations into a united framework comprising 4 Labour Codes referred as the "New Labour Codes" which became effective from 21st November, 2025. The Company is currently evaluating the financial implication on its employee benefit obligation. As the evaluation is currently in progress , the financial impact is not reasonably determinable at this stage. Consequently no adjustment has been made in the financial results for the period.

**Date : 20th May, 2026**
**Place : Ahmedabad**

**By order of the Board**
**For VISHAL FABRICS LIMITED**
**Sd/-**
**Brijmohan D. Chiripal**
**Managing Director**
**DIN 00290426**